eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 114
August 10, 2007

## વન મહોત્સવ દરમ્યાન શાળાઓ તેમજ કોલેજોના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મારફત વૃક્ષારોપણ કાર્યક્રમ



સુરત મહાનગર સેવાસદન દ્વારા ૫૮માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વન મહોત્સવના કાર્યક્રમ તા.૨૧/૦૭/૦૭ના રોજ શરૂ કરવામાં આવેલ અને ત્યાર બાદ તા.૨૨/૦૭/૦૭ થી બાગ ખાતાના કર્મચારીઓ અને ઝોનના કર્મચારીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, નગરજનો, શાળા અને કોલેજના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર), દ્વારા ટ્રાફીક નડતર દૂર કરવા અંગે કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) માં તા.૦૩–૦૮–૨૦૦૭ મુખ્ય ટ્રાફીક જંકશનો ઉપર જાહેરમાં દબાણકર્તા લારી/ગલ્લાઓ દુર કરવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનના રૂદરપુરા વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન

"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૦૩/૦૮/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન સેન્ટ્રલ ઝોનના રૂદરપુરા વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>



## ઉમ્મીદ રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમનો (પાંડેસરા) ખાતે થયેલો પ્રારંભ



ગુજરાત સરકાર, સુરત મહાનગર સેવા સદન (યુ.સી.ડી.) અને કેપ–ફાઉન્ડેશન દ્વારા "ઉમ્મીદ" રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ અંગે તા.૩/૦૮/૦૭નાં શુક્રવારનાં રોજ સાંજનાં ૪:૦૦ કલાકે વોર્ડ ઓફિસ પાંડેસરા ખાતે માહિતીસભર મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓ

સુરત મહાનગર સેવાસદન દ્વારા તા.૫/૦૮/૦૭ના રોજ સવારે ૯:૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ–કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે વોલીબોલ, ટેબલ ટેનિસ અને કેરમની સ્પર્ધા યોજવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગર સેવાસદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉમ્મીદ રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમની સેન્ટ્રલ ઝોન ધ્વરા યોજવામાં આવેલ કાર્યક્રમ તેમજ રેલી

ગુજરાત સરકાર અને સુરત મહાનગર સેવાસદન તેમજ કેપ–ફાઉન્ડેશનનાં સંયુકત આયોજિત ઉમ્મીદ પ્રોજેકટ હેઠળનાં રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ બાબતેતા.૫/૦૮/૦૭ના રોજ રોડ–શોનું આયોજન સેન્ટ્રલ ઝોનના હોડીબંગલા, ધાસ્તીપુરા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>



## આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે અને ૦૯ મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં શહેરમાં જુદા–જુદા સ્થળોએ 'વીરાંજલી વનમહોત્સવ' વૃક્ષારોપણ



સુરત મહાનગર સેવાસદન દ્વારા આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે અને ૦૯ મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં શહેરમાં જુદા–જુદા સ્થળોએ 'વીરાંજલી વનમહોત્સવ' વૃક્ષારોપણ કાર્યક્રમ તા.૦૯/૦૮/૦૭ નાં રોજ સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ હેઠળ મિલ્કત વેરા, શિક્ષણ વેરાની આકારણી તથા ગણતરીની સમજ/માર્ગદર્શન માટે કરદાતાઓ સાથે સાઉથ ઝોન (ઉધના) દ્વારા યોજાયેલ મિટીંગ

સુરત મહાનગર સેવા સદનના સાઉથઝોન (ઉધના) ના મિટીંગ હોલમાં તા.૮/૦૮/૦૭ ને બુધવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ હેઠળ મિલ્કત વેરા, શિક્ષણ વેરાની આકારણી તથા ગણતરીની સમજ/માર્ગદર્શન માટે કરદાતાઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>



## વન મહોત્સવ દરમ્યાન શાળાઓ તેમજ કોલેજોના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મારફત વૃક્ષારોપણ કાર્યક્રમ

સુરત મહાનગર સેવાસદન દ્વારા ૫૮માં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વન મહોત્સવના કાર્યક્રમ તા.૨૧/૦૭/૦૭ના રોજ શરૂ કરવામાં આવેલ અને ત્યાર બાદ તા.૨૨/૦૭/૦૭ થી બાગ ખાતાના કર્મચારીઓ અને ઝોનના કર્મચારીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, નગરજનો, શાળા અને કોલેજના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. તા.૨૧/૦૭/૦૭ થી ૩૧/૦૭/૦૭ સુધીમાં શહેર હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ કુલ ૫૦,૮૩૬ જુદી–જુદી જાતના રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ. ત્યાર બાદ તા.૧/૦૮/૦૭ થી ૩/૦૮/૦૭ સુધીમાં વિવિધ શાળા અને કોલેજોના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ તેમજ નગરજનો, પદાધિકારીશ્રીઓ અને ખાતાકીય રાહે કુલ ૧૩,૨૭૦ રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.





TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર), દ્વારા ટ્રાફીક નડતર દૂર કરવા અંગે કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર) માં તા.૦૩–૦૮–૨૦૦૭ મુખ્ય ટ્રાફીક જંકશનો ઉપર જાહેરમાં દબાણકર્તા લારી/ગલ્લાઓ દુર કરવાની સઘન ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ. સદર લારી/ગલલાના દબાણને કારણે અડાજણ ગામ ચાર રસ્તાના અગત્યના મુખ્ય જંકશન ઉપર વાહનોની અવરજવરમાં ખુબ જ મુશ્કેલી પડતી હતી. અડાજણ ગામ જંકશન ચાર રસ્તા પૈકી એક રસ્તો પ્રમુખ સ્વામિ હોસ્પીટલ તરફ જાય છે જયારે બીજો રસ્તો ગુજરાત ગેસ કંપની તરફ અને મુખ્ય માર્ગ હજીરા તરફ જતો મેઈન રોડ છે. માટે આ જંકશન ઉપર ટ્રાફીકનું ભારણ કાયમ રહેતુ હોય છે અને લારી/ગલ્લાના દબાણને કરાણે ટ્રાફીકની સમસ્યામાં વધારો થાય છે. જે ને ધ્યાને લઈ આજ રોજ આ જંકશન ઉપર સઘન દબાણ ઝુંબેશ હાથ ધરી આશરે ૨૬ જેટલા લારી/ગલ્લાઓનું દબાણ દુર કરેલ છે. વધુમાં અડાજણ દિપા કોમ્પલેક્ષની સામે થી પસાર થતો ૨૫ ફુટનો ટી.પી.રસ્તો જે ઈશિતાપાર્ક થઈ હરિશનગર, સરદાર પુલ તરફ જાય છે. જેમાં રસ્તાઓ ઉપર બિલ્ડીંગ મટીરીયલ જેવા કે રેતી, કપચી, ઈંટ વિગેરે અને ફેબ્રીકેશનવાળાઓનો લોખંડનો સામાન પણ પડેલ હતો, જે હટાવી રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીથી જાહેર રસ્તાઓ વાહનવ્યવહાર માટે વધુ પહોળાઈમાં રસ્તા ખુલ્લા થયેલ છે. જેથી વાહનવ્યવહારની સરળતાની અવરજવર થઈ શકશે.

ઉપરોકત કામગીરી ઝોનના ઝોનલ ચીફશ્રીની સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ઉધના ઝોન, કતારગામ ઝોન અને સેન્ટ્રલ ઝોનના દબાણ સ્ટાફ તેમજ રાંદેર ઝોનના શહેરવિકાસ અને દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા શાંતીપૂર્ણ રીતે પાર પાડવામાં આવેલ.

TOP

# સેન્ટ્રલ ઝોનના રૂદરપુરા વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન

"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૦૩/૦૮/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન સેન્ટ્રલ ઝોનના રૂદરપુરા વિસ્તારમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.



મેડીકલ કેમ્પના કાર્યક્રમનું ઉદઘાટન કોર્પોરેટર શ્રી હિતેનભાઈ મૈસુરીયાના વડપણ હેઠળ દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મ્યુ.સભ્ય શ્રીમતી વીણાબેન નાણાવટી, શ્રીમતી ઉર્મિલાબેન રાણા તથા આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ તથા કાર્યપાલક ઈજનેર અને આસી.આરોગ્ય અધિકારી હાજર રહ્યા હતા.

સદર કાર્યક્રમમાં કુલ ૩૦૩ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૪૨ અને શરદી–ખાંસીના ૧૪૫ કેસો જોવા મળ્યા હતા. આ કાર્યક્રમ સંદર્ભે વિસ્તારમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા મચ્છરથી થતાં રોગોની અટકાયત માટે ૨,૮૮૩ ઘરોમાં સર્વે કરવામાં આવ્યો હતો તેમજ ૪,૯૯૦ સ્પોટ ચેક કરી ૪૨ જેટલાં મચ્છરની ઉત્પતિના સ્થાન શોધી કાઢવામાં આવ્યા હતા અને ૨૯ ટાયર જપ્ત કરવામાં આવ્યા હતા. તદઉપરાંત, ઓ.આર.એસ.ના ૧૨ પેકેટ, આયર્નની ૮૦૦ ગોળીઓ, ઓરલ પીલ્સના ૧૩ પેકેટ, ૫૦૦ કલોરીન ટેબ્લેટ તથા ૧૫૦ નિરોધનું વિતરણ કરી કુટુંબ નિયોજન અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

ઉપરોકત કાર્યક્રમ અંતર્ગત આ જ વિસ્તારમાં ૪૦ કામદારો દ્વારા સ્ક્રેપિંગ/બ્રશીગ તથા સફાઈની કામગીરી કરાવી કાદવ–કીચડનો નિકાલ કરાવવામાં આવ્યો હતો.

TOP

# ઉમ્મીદ રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમનો (પાંડેસરા) ખાતે થયેલો પ્રારંભ

ગુજરાત સરકાર, સુરત મહાનગર સેવા સદન (યુ.સી.ડી.) અને કેપ–ફાઉન્ડેશન દ્વારા "ઉમ્મીદ" રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ અંગે તા.૩/૦૮/૦૭નાં શુક્રવારનાં રોજ સાંજનાં ૪:૦૦ કલાકે વોર્ડ ઓફિસ પાંડેસરા ખાતે માહિતીસભર મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુંભાવોનું હાર્દિક–શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું. વિસ્તારનાં કોર્પોરેટરશ્રી ભરતભાઈ પાટીલ જણાવ્યું હતું કે "ઉમ્મીદ તાલિમ" થી આ વિસ્તારના લોકોને સારી એવી જાણકારી મળશે અને નોકરી ધંધામાં આ જ્ઞાન ઉપયોગી નીવડશે. આર્થિક રીતે પગ–ભર બની રોજી–રોટી મેળવી શકશે. જયારે ભારતનાં ઘણાં બેરોજગાર છે. આ બેરોજગારીને હટાવવા સરકારશ્રીએ ઉમ્મીદ પ્રોજેકટ હાથ ધર્યો છે. શ્રીધનસુખભાઈ રાજપુતે જણાવ્યું હતું કે "ઉમ્મીદ પ્રોજેકટ" થી શિક્ષીત બે–રોજગારો ભાઈઓ–બહેનો વધારાનાં સમયનો સદઉપયોગ કરી આ તાલિમ મેળવી નોકરી ધંધે લાગી શકશે. ધંધા રોજગારને માંગને અનુરૂપ કુશળતા ધરાવતા તાલિમાર્થીઓ તૈયાર થશે. શ્રીમતી વીણાબેન જોષીએ જણાવ્યું હતું કે, " આ તાલીમ થકી નોકરી માટે જ નહિ, પરંતુ બહેનોને માટે ઘરમાં પણ ઉપયોગી નીવડશે અને રોજગારી મેળવશે." ત્યાર બાદ શ્રી કિશોરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે "આ તાલીમથી વિસ્તારનાં લોકોને સરળતાથી નોકરી મળી શકશે અને તેમની કલા કુશળતામાં વધારો કરશે. ખટોદરા "ઉમ્મીદ પ્રોજેકટ" માં તાલીમ લઈ રહેલા ભાઈઓ–બહેનોએ આ તાલીમ અંગે જાણવા શીખવા મળેલી બાબતો અંગે હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો અને કાર્યક્રમાની વિગતની રૂપરેખા આપી હતી.

યુ.સી.ડી. ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરુશ વ્યાસે યોજનાની વિગતે જાણકારી આપી હતી. ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવો તથા કાર્યક્રમમાં હાજર લોકો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે આજના સમયમાં કોમ્પ્યુટર અને અંગ્રેજીનું જ્ઞાન એ પાયાની જરૂરીયાત છે. જે અંગે "ઉમ્મીદ તાલીમ" કાર્યક્રમમાં ખાસ ભાર આપવામાં આવ્યો છે. જે નોકરી રોજગારી મેળવવા માટે આવશ્યક ગણાય.

આ કાર્યક્રમમાં ન.પ્રા.શાળા નં.૨૧૯/૨૨૦નાં આચાર્યશ્રી અને શિક્ષકગણ નવદીપ શાળાનાં આચાર્યશ્રી યુ.સી.ડી. ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રીપી.એમ.નાયક અને શ્રીમતી રક્ષાબેન પરમાર "ઉમ્મીદ પ્રોજેકટ" અંગે જાણકારી આપવામાં આવી હતી. રેલી વોર્ડ ઓફિસ પાંડેસરા થી શરૂ કરીને ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરા ચાર રસ્તા પિયુશ સર્કલ ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત મહાનગર સેવાસદનનાં અધિકારીઓ તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ કેપ–ફાઉન્ડેશનનાં કાર્યકર્તાઓ તથા નાગસેનનગર, પ્રેમનગર તથા પાંડેસરાનાં વિવિધ વિસ્તારનાં ભાઈઓ–બહેનો જોડાયા હતા. ઉધના મહિલા બસ્તી વિકાસ પરિષદની બહેનોએ પણ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરશ્રી રણછોડભાઈ પટેલ અને શ્રીએન.ડી.ડાબીએ કર્યુ હતું.

TOP

# સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓ



સુરત મહાનગર સેવાસદન દ્વારા તા.૫/૦૮/૦૭ના રોજ સવારે ૯:૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ–કમિશ્નર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે વોલીબોલ, ટેબલ ટેનિસ અને કેરમની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મા.મેયરડો.કનુભાઈ માવાણી, ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, વિરોધ પક્ષના નેતા શ્રીબાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતીના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, તેમજ વિવિધ સમિતીના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીએ ટોસ ઉછાળી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને અંતે મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃીતક સમિતીના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તેમજ ઉપાધ્યક્ષશ્રી દીપકભાઈ આફ્રિકાવાલાના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| | ટેબલ ટેનિસ સ્પર્ધા | | કેરમ સ્પર્ધા | |
|---|---|---|---|---|
| **વિજેતા** | **મેન્સ** | **વિમેન્સ** | **મેન્સ** | **વિમેન્સ** |
| **પ્રથમ** | શ્રી જતીનભાઈ દેસાઈ | શ્રીમતી રેણુકાબેન આર.પટેલ | શ્રી મુકેશભાઈ બી.ભટ્ટ | શ્રીમતી કવિતાબેન એસ.કૈરમકોંડા |
| **દ્વિતીય** | શ્રી ધવલભાઈ સી. પોપાવાલા | શ્રીમતી તારાબેન પી.પુનીયા | શ્રી ભાવેશ એસ.જાની | શ્રીમતી છાયાબેન ભૂવા |
| **તૃતીય** | શ્રી જતીનભાઈ વોરા | શ્રીમતી સ્મિતાબેન એસ.પટેલ | શ્રી મહેશકેમાર ચાંપાનેરીયા | શ્રીમતી તારાબેન પુનીયા |

## વોલીબોલ સ્પર્ધા

| વિજેતા | | |
|---|---|---|
| **ચેમ્પીયન** | કમિશ્નર "એ" ટીમ | શ્રી સુરેશભાઈ પટેલ |
| **રનર્સ અપ** | કમિશ્નર "બ" ટીમ | શ્રી આર જે.પંડયા |

આ સ્પર્ધામાં મ્યુ. બોર્ડ તથા સુમન શાળાના શિક્ષકોએ રેફરી તથા સ્કોરર તરીકે સેવા આપી હતી. તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકો/ખેલાડીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

TOP

# સુરત મહાનગર સેવાસદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૫/૦૮/૦૭ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે સવારે ૯ : ૦૦ કલાકે ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ તથા શાસક પક્ષના નેતા શ્રીરાજેશભાઈ દેસાઈના શુભહસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



આ પ્રસંગે ઋગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.જગદીશ પટેલ, નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, અઠવા ઝોનના મ્યુ.સદસ્ય શ્રીમતી સ્વાતિબેન ભટ્ટ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતી કૌશીકાબેન દેસાઈ, શ્રીજશવંતભાઈ ગાયકવાડ, મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણા, ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો.વી.વી પરમાર,આસી. આરોગ્ય અધિકારી ડો.આશીષ નાયક, સ્મીમેર હોસ્પિટલના જુદા જુદા રોગના તજજ્ઞો, અલથાણ, પનાસ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરો, પેરામેડીકલ સ્ટાફ તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા.



શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ તથા ઋગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.જગદીશ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં મેડીકલ કેમ્પ/આરોગ્ય મેળાના આયોજન બદલ તથા અધિકારી /કર્મચારીઓ રવિવારની રજાનો ભોગ આપીને આ ઉમદા કાર્યમાં ફરજ બજાવતા હોઈ તે બદલ તેઓની કામગીરીને બીરદાવી હતી. અધિકારી/કર્મચારીઓ પોતાની ફરજ ઉત્સાહથી તથા વધુ નિષ્ઠાપૂર્વક બજાવશે તો મહાનગર સેવાસદનની કામગીરી વધુ ઉજવળ બનશે તેવું જણાવ્યું હતું.

મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આરોગ્યલક્ષી પ્રદર્શન નાગરીકોને નિહાળશે તો આરોગ્યલક્ષી જાણકારી મેળવ્યાથી નાગરિકોમાં સ્વાસ્થય પ્રત્યેની જાગૃતિ વધશે તે માટે આ વિસ્તારના નાગરિકોને બહોળા પ્રમાણમાં લાભ લેવા અનુરોધ કર્યો હતો. આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવામાં સુરત શહેર અગ્રેસર રહ્યું છે સાથે દરેક નાગરિક સ્વચ્છતા અને તંદુરસ્તી પ્રત્યે સભાન બનશે તો સુરત, ''સીટી વીથ ધ બેસ્ટ અર્બન હેલ્થ'' તરીકે ઓળખાશે.

ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) એ કાર્યક્રમ સબંધી જાણકારી આપી હતી. ચોમાસાની સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ જુદાજુદા ઝોનમાં આરોગ્ય નિદાન સારવાર કેમ્પ/આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સુરત શહેરમાં સમાવિષ્ઠ નવા વિસ્તારોમાં દરરોજ મોબાઈલ મેડીકલ ટીમો મોકલી તબીબી નિદાન/સારવાર તથા સર્વેલન્સ વર્કરો દ્વારા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ.

મેડીકલ કેમ્પનો અલથાણ અને તેની આસપાસ વિસ્તારના કુલ ૩૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાંત દ્વારા ૮૪, ચામડીના નિષ્ણાત દ્વારા ૫૨, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૦૯, બાળરોગ નિષ્ણાત દ્વારા ૫૪, ફિઝીશ્યન દ્વારા ૫૭ અને સર્જન દ્વારા ૧૭ તેમજ મેડીકલ ઓફિસરો દ્વારા અન્ય ૯૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ ટેકનીશીયન દ્વારા ૧૦ તાવના દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. ૧૫૨ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૫૮ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ, નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ મેડીકલ કેમ્પના સ્થળે વેકસીનેશન વિભાગ, વાહક જનિત રોગ નિયંત્રણ, કુટુંબ કલ્યાણ, પી.એસ.એચ તથા આર.એન.ટી.સી.પી. વિભાગ દ્વારા પાણી જન્ય, પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિગેરે રોગ વિષેના પોસ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરી કોપર ટી—મુકવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૯૨૦ આર્યન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૦૮ બાળકોને ડીપીટી, પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રચાર એકમ મારફતે ઓડીયો વિઝયુઅલ દ્વારા આરોગ્ય લક્ષી જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત નીચે જણાવેલા ઝોન/વિસ્તારમાં જે તે શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે સપ્તાહ દરમ્યાન વિના મૂલ્યે નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા કુલ ૧૬૯૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

(૧) સેન્ટ્રલ—બોમ્બે કોલોની, રૂદરપુરા (૨) વરાછા—અટલજી નગર, રીધ્ધી હિન્દી વિદ્યાલય તથા પુણા ગામ, સુર્યનગર (૩) રાંદેર—અડાજણ ફાયર સ્ટેશન (૪) કતારગામ—પટેલવાડી આંગણવાડી નં. ૧૩૭—૧૩૮ (૫) લિંબાયત સંજય નગર, મગોબ (૬) ઉધના—ભીમનગર આંગણવાડી તથા પાંડેસરા પત્રકાર કોલોની.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી શ્રી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

સુરત મહાનગર સેવા સદન દ્વારા આગામી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તા.૧૨/૦૮/૦૭ ના રોજ ડી.કે.એમ શહેરી આરોગ્ય કેન્દ્ર, કોટસફીલ રોડ ખાતે રાખવામાં આવેલ છે.

TOP

# ઉમ્મીદ રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમની સેન્ટ્રલ ઝોન ધ્વરા યોજવામાં આવેલ કાર્યક્રમ તેમજ રેલી

ગુજરાત સરકાર અને સુરત મહાનગર સેવાસદન તેમજ કેપ–ફાઉન્ડેશનનાં સંયુકત આયોજિત ઉમ્મીદ પ્રોજેકટ હેઠળનાં રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ બાબતે તા.૫/૦૮/૦૭ના રોજ રોડ–શોનું આયોજન સેન્ટ્રલ ઝોનના હોડીબંગલા, ધાસ્તીપુરા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુ.સી.ડી. વિભાગના ચીફ ઓફિસર શ્રી નરેશ વ્યાસે 'ઉમ્મીદ' પ્રોજેકટ અંગેની માહિતી આપી હતી, અને વધુમાં વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે એમ જણાવ્યું હતું.



આ પ્રસંગે રલીની શરૂઆત ગાંધીબાગ, ચોક, સુરત થી શરૂ કરી મુગલીસરા, સૈયદપુરા પંપીગ સ્ટેશથી હોડીબંગલા થઈ ૩ જો માળ, વિચાર વિર્મશ ભવન, યુ.સી.ડી. ઓફિસ, ધાસ્તીપુરા, વરીયાવી બજાર ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. ઉપરોકત રેલીમાં સુરત મહાનગર સેવાસદનનાં મ્યુનિ.સદસ્ય શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, શ્રી પિયુષભાઈ શિવશકિતવાલા, શ્રી હિતેશભાઈ મૈશુરીયા અને શ્રીમુકેશભાઈ દલાલ તેમજ આસી.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, યુ.સી.ડી. વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રી પી.એમ.નાયક તથા શ્રીમતી રક્ષાબેન પરમાર તેમજ કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરલ તથા હોડી બંગલા, ધાસ્તીપુરા, સૈયદવાડા–માછીવાડ, રૂદરપુરા વિસ્તારના સંગઠનના હોદ્દેદારો બહેનો – ભાઈઓ તથા 'ઉમ્મીદ' ના કાર્યકરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન યુ.સી.ડી.ના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતી જે.એ.પટેલ, શ્રીમતી જે.એમ.ગામીત તેમજ કુ.જે.એમ. પટેલે કર્યું હતું.

TOP

# આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે અને ૦૯ મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં શહેરમાં જુદા–જુદા સ્થળોએ 'વીરાંજલી વનમહોત્સવ' વૃક્ષારોપણ

સુરત મહાનગર સેવાસદન દ્વારા આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે અને ૦૯ મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં શહેરમાં જુદા–જુદા સ્થળોએ 'વીરાંજલી વનમહોત્સવ' વૃક્ષારોપણ કાર્યક્રમ તા.૦૯/૦૮/૦૭ નાં રોજ સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ.



મુખ્ય વૃક્ષારોપણ સમારોહ રાંદેર ઝોનમાં આવેલ "જયોતિન્દ્ર દવે ઉદ્યાન" માં રાખવામાં આવેલ. સદર સમારોહમાં ગુજરાત રાજયના પુરવઠા મંત્રી શ્રીનરોત્તમભાઈ પટેલ, મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી, કલેકટરશ્રી, ઉદ્યાન સમિતિના ચેરમેનશ્રી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, નગરજનો, વરિષ્ઠ નાગરિકો તથા અધિકારીઓ/કર્મચારીઓ હાજર રહેલ હતા. આ સમારોહમાં શહેરની જુદી–જુદી શાળાઓ તથા કોલેજોના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહથી ખુબ જ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો. મુખ્ય સમારોહના સ્થળે અંદાજે ૨૨૦૦ ચો.મી. જેટલા વિસ્તારમાં વિવિધ જાતના કુલ મળી ૩૮૮ રોપાઓનું પ્લાન્ટેશન કરી "વીરાંજલી વન" બનાવવાનો નિર્ધાર કરેલ છે. સદર કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આઝાદીના ગીતોનું ગાન અને વકતવ્ય કાર્યક્રમ કરેલ હતો. તેમજ હાજર રહેલ તમામ મહાનુભાવો તેમજ અન્ય ભાગ લેનારોએ "વિરાંજલિ વન" મહોત્સવ સંકલ્પ પત્રનું વાંચન કરેલ, સમારોહના સ્થળે "હિન્દ છોડો" ચળવળ સમયની ઝાંખીઓનું પ્રદર્શન પણ કરવામાં આવેલ હતું. જેનું વિદ્યાર્થીઓ, નગરજનો તથા હાજર રહેલ તમામ મહાનુભાવોએ લાભ લીધો હતો.

"વીરાંજલી વન" મહોત્સવ વૃક્ષારોપણનો કાર્યક્રમ મહાનગર સેવાસદનના દરેક ઝોનમાં ઝોનના અધિકારીઓ, મ્યુનિ.સભ્યોશ્રીઓ, નગરજનો તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જુદાં જુદાં સ્થળોએ કરવામાં આવેલ.



નગર પ્રાથમિક શિક્ષણ સમિતી મારફત શહેરનાં ૩૪–વોર્ડ વિસ્તારમાં જુદી જુદી શાળાઓમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતીના ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યોશ્રીઓ, નગરજનો, શાસનાધિકારીશ્રી તેમજ વિદ્યાર્થીઓએ હાજરી આપી કુલ–૨૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવેલ.

"વીરાંજલી વન" મહોત્સવના ઉજવણીના ભાગરૂપે મહાનગર સેવન સદનના મહિલા મ્યુનિ.સભ્યોશ્રીઓએ જુદાં–જુદાં વોર્ડમાં તુલસીના રોપાઓના વિતરણનો કાર્યક્રમ કરેલ, જેમાં ૫૦૦૦ તુલસીના રોપાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

આમ, "વીરાજંલી વન" મહોત્સવ ઉજવણીના ભાગરૂપે શહેરમાં કુલ–૭૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ જુદાં–જુદાં સ્થળે કરવામાં આવેલ અને ૫૦૦૦ તુલસીના રોપાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

TOP

## જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટ હેઠળ મિલ્કત વેરા, શિક્ષણ વેરાની આકારણી તથા ગણતરીની સમજ/માર્ગદર્શન માટે કરદાતાઓ સાથે સાઉથ ઝોન (ઉધના) દ્વારા યોજાયેલ મિટીંગ



સુરત મહાનગર સેવા સદનના સાઉથઝોન (ઉધના) ના મિટીંગ હોલમાં તા.૮/૦૮/૦૭ ને બુધવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટ હેઠળ મિલ્કત વેરા, શિક્ષણ વેરાની આકારણી તથા ગણતરીની સમજ/માર્ગદર્શન માટે કરદાતાઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આકારણી અને વસૂલાત અધિકારી શ્રી નવલસિંહ દ્વારા આ કાર્યક્રમ હેઠળ કરદાતાઓને આકારણી અને વેરા વસૂલાત અંગે સઘન રીતે દરેક તબકકાઓની સમજ આપવામાં આવેલી અને જેમાં કોઈ પણ પ્રોપર્ટીના સર્વે/માપ લઈને, તુમાર બનાવી આકારણી આકારીને ત્યારબાદ કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે ડેટા–એન્ટ્રી કરી વિવિધ રીપોર્ટ ચેક કરી આકારણીની ખાસ નોટીસ, જાહેર નોટીસ આપી પ્રસિધ્ધ કરી વાંધા/હરકત અરજી કરવા લઈને વેરા વસૂલાત સુધીની તમામ પ્રક્રિયાઓ વારાફરતી મુદ્દાઓની છણાવટ કરી, ચર્ચા કરવામાં આવેલ હતી. જેમાં (૧) આકારણી કરવા માટે નકકી કરવામાં આવેલી ગાઈડ લાઈનના જુદાં–જુદાં મુદ્દાઓની વિગતે ચર્ચા કરી, (૨) ગાઈડ લાઈન અનુસાર તથા નિયમો કાયદાની જોગવાઈ અનુસાર આકારણી આપવામાં આવેલી. (૩) મિલ્કત વેરામાં, એપ્રિલ અને મે માસમાં વેરાના બીલો ભરવામાં આવે તો મહાનગર સેવા સદન દ્વારા નકિક કરેલા મિલ્કત વેરામાં રીબેટ બાબત, મિલ્કત વેરાના બીલમાં શિક્ષણ ઉપકર સહિત સામાન્ય વેરા, વોટર ટેક્ષ, વોટર ચાર્જ, કોન્ઝરવન્સી ટેક્ષ વગેરે ટેક્ષની ગણતરી કરી પ્રથમ બીલ આપી, સમય મયાર્દા પછી નોટીસ બજાવી હરાજીની પ્રક્રિયા કરીને પણ વેરાની વસૂલાત માટેની વિવિધ તબકકાઓની વિસ્તૃત છણાવટ કરી, સમજ આપવામાં આવેલી.

ભવિષ્યમાં આવનાર એરીયા બેઈઝ આકારણીની પણ રૂપરેખા આપવામાં આવેલી આ સમયે અસી.લો ઓફિસર અને એપેલેટ ઓફિસરશ્રી ભદ્રેશભાઈ પટેલ દ્વારા પણ વિસ્તૃત પ્રશ્નોતરીના જવાબ તથા સમજૂતી આપવામાં આવેલી. ઓફિસરશ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા તમામ કરદાતાઓનું સ્વાગત કરવામાં આવેલું અને શ્રી એમ.એમ.પટેલ, શ્રી એસ.એ.પરવતીયા તથા શ્રી બી.સી.પટેલ દ્વારા કરદાતાઓને આપવામાં આવેલ માર્ગદર્શન અને કરદાતાઓને પ્રશ્નોના જવાબોથી સંતોષ થયો હતો. કરદાતાઓને કર અને કરમાળખાની સમજ મળતા તેઓ ઘણાં જ આનંદિત થયા હતા અને કરદાતા તરફથી ઉપયોગી સુચનો પણ કરવામાં આવેલા હતાં. કાર્યક્રમના અંતે શ્રી એસ.એ.પરવતીયાએ આભારવિધિ કરી, કાર્યક્રમ પુર્ણ જાહેર કરવામાં આવેલ હતો.

TOP